# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૨ | ૧૪ જાન્યુઆરી, ૨૦૧૫, બુધવાર ; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરના પતંગ બજારમાં મોડીસાંજે ભીડ

## મોડી રાત સુધી લોકોએ ખરીદી કરી : હવે બે દિવસ સુધી આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જશે : ધાબાઓ પર ‘કાઈપ્યો છે અને લપેટ...લપેટ...’ની બુમો ગુંજશે

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૧૫ને બુધવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૧૫ને ગુરૂવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી. - **વ્યવસ્થાપક**


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટની પુર્ણાહુતિ સાથે જ ઉત્તરાયણની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી હતી અને કર્મચારીઓ સહિત નગરજનોએ બજારમાં છેલ્લી ઘડીની ખરીદી માટે ભારે ભીડ જમાવી હતી. નગરમાં સે. ૨૧,સે. ૨૪, સે. ૭ અને સે. ૬ સહિત અનેક જગ્યાઓ પતંગોના વિવિધ સ્ટોલ તેમજ દોરી અને અન્ય સામગ્ર વેચનારાઓને આજે તડાકો પડી જવા પામ્યો હતો. લોકો મોડી રાત સુધી પતંગ-દોરી અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા બજારમાં ઉમટી પડ્યા હતા.

બજારમાં લોકોની ભીડના કારણે ભારે રોનક જોવા મળી હતી. અને વેપારીઓએ પણ આ ભીડનો લાભ ઉઠાવી ભાવોમાં ડિસ્કાઉન્ટ આપવાનું બંધ કરી દીધુ હતુ. અથવા ભાવોમાં વધારો કરી દીધો હતો. આજે સવારથી જ દોરી રંગવા માટેના ચરખાવાળાઓને ત્યાં બાળકો સહિત મોટેરાઓએ પણ લાઈનો લગાવી હતી. જ્યારે અનેક લોકોએ આ લાઈનોમાં ઉભા રહેવાને બદલે તૈયાર ફિરકીઓ ખરીદી લેવાનું મુનાસીબ માન્યું હતું. આ ખરીદીના ઘસારાને કારણે નાનકડા વેપારીઓ જેઓ લારીઓમાં વિવિધ સામગ્રી વેચી રહ્યા હતા તેમને પણ તડાકો પડી જવા પામ્યો હતો. અને અનેક વેપારીઓના

● અનુસંધાન પાન-૭ પર








